Extra No. 188

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **SATURDAY, MAY 31, 2025 / JYAISTHA 10, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી મે, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**ના તારીખઃ **૧૫મી એપ્રિલ, ૨૦૨૫**ના જાહેરનામા **ક્રમાંકઃ જીવાય/૧૨/એચએફડબ્લ્યુડી/એમએસએમ/ઈ-ફાઈલ/૭/૨૦૨૪/૩૪૬૭/બી** -ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

ડી. એમ. ભાભોર,

સરકારના સંયુક્ત સચિવ.

NOTIFICATION

Regarding

The X-Ray Technician, Class III, in the subordinate services of the Commissionerate of Health, Medical Services and Medical Education and Research, Recruitment Rules, 2025

આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ અને સંશોધન કમિશનરની કચેરીની તાબાની સેવામાં, એક્સ-રે ટેકનિશિયન, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૨૫ સંબંધી

જાહેરનામું

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી એપ્રિલ, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીવાય/૧૨/એચએફડબ્લ્યુડી/એમએસએમ/ઈ-ફાઈલ/૭/૨૦૨૪/૩૪૬૭/બી:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ અને સંશોધન કમિશનરની કચેરીની તાબાની સેવામાં, એક્સ-રે ટેકનિશિયન, વર્ગ ૩-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા માટે નીચેના નિયમો કરે છેઃ-

૧. (૧) આ નિયમો આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ અને સંશોધન કમિશનરની કચેરીમાં, એક્સ-રે ટેકનિશિયન, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. આ નિયમોમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) એક્સ-રે ટેકનિશિયન, વર્ગ ૩ એટલે આ નિયમો સાથે જોડેલ એનેક્ષર-૧ અને એનેક્ષર-૨-માં સમાવિષ્ટ જગાઓ.

(ખ) એક્સ-રે આસિસ્ટન્ટ, વર્ગ ૩ એટલે આ નિયમો સાથે જોડેલ એનેક્ષર ૩-માં સમાવિષ્ટ જગાઓ.

૩. આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ અને સંશોધન કમિશનરની કચેરીની તાબાની સેવામાં, આ નિયમો સાથે જોડેલ એનેક્ષર-૧માં સમાવિષ્ટ એક્સ-રે ટેકનિશિયન, વર્ગ ૩-ની જગા પરની નિમણૂક, જેણે;

(ક) (૧) આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ અને સંશોધન કમિશનરની કચેરીની સંબંધિત તાબાની સેવામાં, આ નિયમો સાથે જોડેલ એનેક્ષર-૩માં સમાવિષ્ટ એક્સ-રે આસિસ્ટન્ટ, વર્ગ ૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કર્યું હોય;

(૨) સરકારી સંસ્થા અથવા રાષ્ટ્રીય તબીબી કાઉન્સિલ દ્વારા માન્ય તબીબી કોલેજ દ્વારા સંચાલિત એક્સ-રે ટેકનિશિયન કોર્સ પાસ કરેલ હોય;

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય;

તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, બઢતી માટે યોગ્ય ગણાવા માટે વિચારણાના ક્ષેત્રની અંદર "સારા" નો આધારચિહ્ન (બેન્ચમાર્ક) ધરાવતી હોય તેવી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યકિતને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યકિતને બઢતી આપી શકશે;

નોંધ:- બઢતી માટેની જગાને સંબંધિત હોય તેટલે સુધી, આ નિયમો સાથે જોડેલ એનેક્ષર-૩માં જણાવેલ જૂદાજૂદા વિભાગો/કચેરીઓના વડામાંથી બઢતી આપવાની હોય તેવી વ્યક્તિને, સંબંધિત અધિક નિયામક હેઠળ બઢતી આપવી જોઈશે.

અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૪. નિયમ ૨ (ક)માં જણાવેલ, આ નિયમો સાથે જોડેલ એનેક્ષર-૧ અને એનેક્ષર-૨-માં સમાવિષ્ટ જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૬ વર્ષથી વધુ ઉમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી વિજ્ઞાનમાં સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે; અને

(૨) સરકારી સંસ્થા અથવા રાષ્ટ્રીય તબીબી કાઉન્સિલ દ્વારા માન્ય તબીબી કોલેજ દ્વારા સંચાલિત એક્સ-રે ટેકનિશિયન કોર્સ પાસ કરેલ હોવો જોઈશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૫. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ક-ની જોગવાઈઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૬. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

એનેક્ષર-૧

(જુઓ નિયમો ૨(ક), ૩ અને ૪)

અનુક્રમાંક	જગાનું નામ	વિભાગ/કચેરીના વડા
૧.	એક્સ-રે ટેકનિશિયન, વર્ગ ૩	૧. અધિક નિયામક, તબીબી શિક્ષણ અને સંશોધન. ૨. અધિક નિયામક, તબીબી સેવા.

એનેક્ષર-૨

(જુઓ નિયમો ૨(ક) અને ૪)

અનુક્રમાંક	જગાનું નામ	વિભાગ/કચેરીના વડા
૧.	એક્સ-રે ટેકનિશિયન, વર્ગ ૩	૧. અધિક નિયામક, જાહેર આરોગ્ય.

એનેક્ષર-૩

(જુઓ નિયમો ૨(ખ), ૩(ક)(૧))

અનુક્રમાંક	જગાનું નામ	વિભાગ/કચેરીના વડા
૧.	એક્સ-રે ટેકનિશિયન, વર્ગ ૩	૧. અધિક નિયામક, તબીબી શિક્ષણ અને સંશોધન. ૨. અધિક નિયામક, તબીબી સેવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર. એ. પ્રજાપતિ,

સરકારના ઉપસચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.06.27 22:11:09 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar